# હરીપુરાકંપામા ચૈત્રી નવરાત્રી પર્વે માતાજીના ગરબાની રમઝટ...

**નવરાત્રી મહોત્સવમાં ગ્રામ્ય ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી...**



હિંમતનગર તાલુકાના હરીપુરાકંપા (બાવસર)ગામે શક્તિની ઉપાસના પર્વ ચૈત્રી નવરાત્રિ નિમિત્તે તેમજ માં ઉમિયા રથના સાનિધ્યમાં નવ દિવસ સુધી હરીપુરાકંપાના સ્થાનિક ગ્રામજનો અને યુવક મંડળ દ્વારા ચૈત્રી નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દરવર્ષે સાબરકાંઠા-અરવલ્લીથી યાત્રાધામ ઊંઝા ઉમિયાધામ જતા પગપાળા સંઘમાં લઈ જવાતા માતાજીના રથને એક વર્ષ સુધી હરીપુરાકંપા(બાવસર) મુકામે રાખેલ હોઈ આ માતાજીના રથના સાનિધ્યમાં ચૈત્રી નવરાત્રી દરમ્યાન ગરબા મહોત્સવમાં આસપાસના કચ્છ કડવા પાટીદાર સમાજના પરિવારો ચૈત્રી નવરાત્રીના નવ દિવસ દરમિયાન આરતી-પૂજન અને ગરબાની રમઝટને માણી માતાજીના રથનાં દર્શન કરી પ્રસાદીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સ્થાનિક યુવક અને યુવતી મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

# અંબાજી જય જલિયાણ સેવા કેમ્પમાં માઈભકતોનો ભારે ધસારો

**ગબ્બરની પરીક્રમાને લઈ માઇભક્તોમાં અનેરો ઉત્સાહ છવાયો**

અંબાજી શક્તિપીઠના ગબ્બર ખાતે ૫૧ શક્તિપીઠ ત્રિદિવસીય મહોત્સવનો ધામધૂમ પૂર્વક આરંભ થયો છે વહેલી સવારથી જ



માઈભકતો ગબ્બર પરિક્રમા માટે ઉમટી પડ્યા હતા. આ અવસરે સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર શ્રી જલિયાણ સેવા કેમ્પ દ્વારા માઈભકતોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ અલ્પાહારની સુંદર વ્યવસ્થા ગબ્બર પરિક્રમા પથ કરવામાં આવી હતી. આ બાબતે સેવાભાવી હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે વહેલી સવારથી જ લોકોએ ગબ્બરની પરિક્રમા શરૂ કરી દીધી હતી. તેઓમાં પરિક્રમાનો અનેરો આનંદ જોવા મળતો હતો. માઈબકતો અનેરા ઉત્સાહ સાથે હાથમાં ધજા- પતાકા લઈ માં અંબાના જય ઘોષ સાથે નાચતા- કૂદતાં પરિક્રમાના પથનું અંતર કાપી રહ્યા હતા. જ્યારે ગબ્બર જ્યોતની પરિક્રમા કરી દરેક શક્તિ પીઠમાં જ્યોત પ્રજ્વલિત કરવામાં આવી હતી. દર વર્ષે ભાદરવી મહામેળામાં જય જલીયાણ સેવા કેમ્પ દ્વારા દાંતા ખાતે અંબાજી પદયાત્રા દરમ્યાન સેવા કેમ્પ યોજવામાં આવે છે. તેમાં લાખો લોકો ભોજન ગ્રહણ કરે છે આ ગબ્બર પરિક્રમા યાત્રામાં પણ અમોને માઈ ભક્તોને બુંદી-ગાંઠીયા અને કચુંબરના પ્રસાદની સેવાનો લાભ મળ્યો છે. માઈભકતો અમારા કૅમ્પમાં વિસામો કરે છે અને 'જય અંબે' ના નાદ સાથે પરિક્રમા પૂર્ણ કરી રહ્યા છે.

# વિશ્વ આરોગ્ય દિવસ નિમિતે ધાનેરાની આદર્શ નર્સિંગ કોલેજમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ડેમોસ્ટ્રેશનનું આયોજન




૭મી એપ્રિલ આરોગ્ય દિવસ નિમિતે ધાનેરા માં આવેલ આદર્શ નર્સિંગ કોલેજમાં ધાનેરા ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બને પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખે તેની માહિતી આપવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ૧૦૮ની એમ્બ્યુલન્સ કઈ રીતે કામ કરે છે .કઈ રીતે ૧૦૮ નો ઉપયોગ કરવો કઈ કઈ ઈમર્જન્સીમાં ૧૦૮ ની ટીમને બોલાવી શકાય અને ઈમરજન્સી સમય શું કરવું જોઈએ. તેવા વિવિધ મુદ્દાઓ થી કોલેજના વિદ્યાર્થીઓને તેની માહિતી ઈ એમ ટી ગૌરીચંદ્ર શ્રીમાળી દ્વારા આપવામાં આવી હતી આ પ્રસંગે ધાનેરા આદર્શ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ સ્ટાફ ૧૦૮ ટીમ ના ઈએમટી ગૌરીચંદ્ર શ્રીમાળી અને ૧૦૮ના પાયલોટ ખેતાભાઈ ચૌધરી હાજર રહ્યા હતાં.

# વાવડીમાં ઠાકોર સમાજની બેઠક યોજાઈ...



ઠાકોર સમાજના બેતાલીસ ગામ ગુરુગાદી હેઠળના ઠાકોર આગેવાનોની એક બેઠક શનિવારના રોજ હિંમતનગર તાલુકાના વાવડી ગામે મહંત નરેન્દ્રપુરીના અધ્યક્ષ પદે યોજવામાં આવી હતી. આ બેઠકમાં સમાજ દ્વારા હનુમાન જયંતિની ઉજવણી અંગે તેમજ સમાજમાં વ્યસન અને અંધશ્રદ્ધા જેવી બદીને નાબુદ કરવા અને સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવી સમાજમાં જાગૃતિ લાવવા અંગે ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી હતી.

# પાલનપુરના આબુ હાઈવે પરથી બાઈકની ચોરી

પાલનપુરના આબુ હાઈવે પર પીઝાની દુકાનના મેનેજર ના બાઈકની ઉઠાંતરી થવા પામી છે શિલ્પ આર્કડ બહાર પાર્ક કરેલ બાઈકની કોઈ અજાણ્યા તસ્કર ચોરી કરી પલાયન થઈ ગયો હતો. પાલનપુર ના આબુ હાઈવે પર આવેલી એક પીઝાની એજન્સી માં મેનેજર તરીકે ફરજ બજાવતા અંબાજી ના ગુલજારીપુરા માં રહેતા આરીફભાઈ ઉસ્માનભાઈ મકરાણી એ ગત તાં.૨૭ માર્ચના રોજ પાલનપુર આબુ હાઈવે પર આવેલ શિલ્પ આર્કડ નીચે પોતાનું બાઈક પાર્ક કર્યું હતું જે ૩૩ હજાર ની કિંમતના બાઈકની અજાણ્યો તસ્કર ઉઠાવી જતા આ મામલે પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો ૪૪ ડીગ્રી તાપમાનથી ધગધગ્યો

## લૂ લાગવાના સેંકડો બનાવ, પ્રજા અસહ્ય ગરમીથી ઘરમાં પુરાઈ રહી





બાયડ (બ્યુરો એફિસ) તા.૦૮

તા.૮ એપ્રિલના રોજ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આકાશમાંથી અગનગોળા વરસ્યા હતા. વર્તમાન વર્ષની સર્વાધિક ગરમીનો પ્રજાએ અનુભવ કર્યો. જિલ્લાના મેઘરજ, માલપુર, મોડાસા, બાયડ સહિતના વિસ્તારોમાં ભીષણ ગરમીએ જનજીવનને ઘરમાં કેદ કરી દીધું હતું. હજુ તો એપ્રિલ માસનું પ્રથમ સપ્તાહ પુરૂ થયું છે ત્યાં ગરમીએ આકરાં તેવર દર્શાવતાં આગામી દિવસો વધુ ગરમ બનવાની દહેશત સેવાય છે. માર્ચ માસમાં કાળઝાળ ગરમીનો પ્રજાએ અનુભવ કર્યો ત્યારે એપ્રિલ મહિનો વધુ આકરો બનશે તેવી દહેશત સેવાતી હતી. છેલ્લા બે દિવસથી ગરમી પ્રકોપ હાવિ થયો છે. તાપમાનનો પારો દરરોજ ૧ ડિગ્રી ઉંચકાતાં અસહ્ય ગરમીથી પ્રજા વાજ આવી ગઈ છે. સતત વધતી ગરમીના કારણે પાણીનાં તળ ઉંડાં ઉતરી રહ્યાં છે. આવી સ્થિતિ લાંબો સમય રહેશે તો હજારો હેન્ડપંપ ખોટકાઈ પડશે અને પીવાના પાણીનું સંકટ વધુ ઘેરૂ બની શકે છે. બપોર થતાં આકાશમાંથી અગન ગોળા વછૂટવા લાગ્યા. માર્ગો અસહ્ય ગરમીના કારણે સૂમસામ ભાસતા હતા. સીમાડામાંથી ઉનાઉના વાયરાઓએ ગામડાઓને પણ ગરમી પ્રકોપની ઝપેટમાં લઈ નાખ્યા હતા. ગરમીનો પારો સર્વાધિક ઉંચાઈએ પહોંચતાં પશુ-પંખીઓના જીવન ઉપર ખતરો ઉભો થયો છે. બપોર થી સમી સાંજ સુધી બજાર અને માર્ગો ઉપર કરફ્યું જેવો માહોલ જોવા મળ્યો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ ૧૪ તાલુકા ગરમી પ્રકોપના આવરણમાં આવી ગયા હતા. એક તરફ પાણીની અછત અને આકાશમાંથી અગનગોળા વછૂટતાં મૂંગા પશુઓને કેવી રીતે જીવાડવા..?? તેવી વિપદામાં પશુપાલકો મૂકાયા છે.


### વિજય'પથ' પર રોફ જમાવવો ભારે પડ્યો

# રહિયોલ નજીક ભોગ બનનારને કહ્યું, સાહેબ મોડાસા ટાઉન નોકરી કરે છે, એસપીએ સસ્પેન્ડ કર્યો

**મોડાસા ટાઉન પોલિસ કોન્સ્ટેબલ નો રહિયોલ નજીક રોફ જમાવવો ભારે પડ્યો : ખાનગી વ્યક્તિ સાથે ગેરવર્તણૂં કરતા જિલ્લા પોલિસ વડા સંજય ખરાતે સસ્પેન્ડ કર્યો : વતન નજીક ડ્રાયવરને કહેવા લાગ્યો કે, "અહીંયા તું કેમ આંટા-ફેરાં મારે છે?" : પોલિસ કોન્સ્ટેબરના માણસે ભોગ બનનારને કહે છે, "તું ઓળખતો નથી, ગાડીમાંથી ઉતરેલ વ્યક્તિ વિજયભાઈ છે"**

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં કેટલાક પોલિસ કર્મચારીઓ ખાનગી વાહનોમાં આંટા-ફેરા કરીને રોફ જમાવતા હોય છે ત્યારે આવા જ એક પોલિસ કર્મચારી વિજયકુમાર છનાભાઈને રોફ જમાવવો ભારે




પડી ગયો અને જિલ્લા પોલિસ વડા સંજય ખરાતે તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેતા પોલિસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. વાત જાણે એમ છે કે, મોડાસા ટાઉન પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવતો પોલિસે કર્મચારી વિજયકુમાર છનાભાઈ અન્ય એક વ્યક્તિ સાથે રહિયોલ નજીક આવેલ ઉમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાતે કામ કરતા અરૂણ રમેશભાઈ રાવળ રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ સમય દરમિયાન પોલિસ કર્મચારી ગાડીનો દરવાજો ખોલી ભોગ બનનારને કહેવા લાગ્યો કે, અહીંયા તું કેમ આંટા-ફેરાં મારે છે? સમગ્ર ઘટનાને લઈને ભોગ બનનારે ગભરાઈ ગયા અને કહેવા લાગ્યા કે, તેઓ ઉમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાતે જે.સી.બી. ના ડ્રાયવર છે. આટલું જ કહેતા પોલિસ કર્મચારીઓ ઉશ્કેરાઈ ગયો, પોલિસ કર્મચારી સાથે ચાની કિતલીઓ વધારે ઉકળી અને કહેવા લાગી કે, તું ઓળખતો નથી, ગાડીમાંથી ઉતરેલ વ્યકિત વિજયભાઈ છે અને તેઓ મોડાસા ટાઉન પોલિસ મથકે નોકરી કરે છે. તેમ કહીને ભોગ બનનારને અપમાનિત કરવા લાગ્યો હતો. મોડાસા ટાઉન પોલિસ મથક હદ વિસ્તાર છોડીને પોલિસ કર્મચારી તેના વતન નજીક જાહેર સ્થળે લોકો સાથે ગેરવર્તણૂક આચરી હતી. સમગ્ર ઘટનાને લઈને પોલિસ ખાતાને શોભે નહીં તેવું વર્તન કરતા જિલ્લા પોલિસ વડા સંજય ખરાતે તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

સસ્પેન્ડેડ પોલિસ કર્મચારી આ પહેલા પણ સસ્પેન્ડ થયો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે આ પોલિસ કર્મચારીને રોફ જમાવવો ભારે પડી ગયો અને જિલ્લા પોલિસ વડાનો સસ્પેન્ડેડ ચાબૂક ફરી વળ્યો છે. જિલ્લામાં આવા કેટલાક પોલિસ કર્મચારીઓ ખાનગી વાહનોમાં ફરીને રોફ જમાવી રહ્યા છે, એટલું જ નહીં કારને નંબર પ્લેટ પણ લગાવતા નથી. મોડાસા ટાઉન પોલિસ સ્ટેશન વિસ્તારના ચાર રસ્તા પોલિસ ચોકી પર રાત્રે એક નંબર પ્લેટ વિનાની કાર લઈને પોલિસ કર્મચારી આવતો હોવાની સુત્રો તરફથી માહિતી મળી છે.

# પ્રાંતિજ તાલુકા સરપંચો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના સરપંચો દ્વારા ૧૫ મા નાણાં પંચની ગ્રાન્ટ ને લઈ ને



તથા ગ્રામ પંચાયત હસ્તક રહેલી સત્તાઓ ગ્રામ પંચાયત હસ્તક રહે તેવી માંગ સાથે તાલુકા વિકાસ અધિકારી ને આવેદનપત્ર આપવામા આવ્યુ. સરકાર દ્વારા ગ્રામ વિકાસ માટે ફાળવવાની ૧૫ મા નાણાં પંચ ની ૫,૦૦,૦૦૦ સુધી ની ગ્રાન્ટ ગામ પંચાયત ના સરપંચોને આયોજન કરવાની સત્તામા હોઈ જે સરકાર દ્વારા ગ્રામ પંચાયત ના વહીવટ મા હસ્તક્ષેપ કરીને ૧૫મા નાણાં પંચ ની ગ્રાન્ટમા વિકાસ ના કામો કરવાની જવાબદારી એજન્સીઓને સોપવાનુ નક્કી કરેલ હોઈ જે ગ્રામ પંચાયત ના અધિકારો છીનવાતા હોય તેમજ મનરેગા ના કામો પણ એજન્સીઓને કામ સોપવામા આવેલછે તો સરકાર ની ગ્રાન્ટ નો દુર ઉપયોગ થવાનો સંભવ હોય તેથી પ્રાંતિજ તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા તાલુકા પંચાયત ખાતે એકઠા થઈ ને પ્રાંતિજ તાલુકા પંચાયત ના ટીડીઓ નિતિન ભાઈ ચૌધરી ને આવેદનપત્ર આપી લેખિત મા રજુઆતો કરી હતી અને સરકાર દ્વારા માંગ નહી સ્વિકારવામા આવેતો સરપંચ એસોસિએશન દ્વારા આદોલન ની ચિમકીઓ પણ આપી હતી અને જયા સુધી ન્યાય ના મળે ત્યા સુધી કોઈ વર્ક ઓર્ડર ના કરવા માંગ પણ કરીહતી તો આ પ્રસંગે તાલુકા સરપંચ એસોસિએશન ના પ્રમુખ રતુભા ઝાલા , પોગલુ સરપંચ શામળભાઈ પટેલ , સાંપડ સરપંચ ચંદુભાઈ રાવળ સહિતના સરપંચો એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

# પાલનપુરની નાની બજારમાં ગંદકીનું સામ્રાજ્ય : ગટરના ગંદા પાણીમાંથી ચાલવા મજબૂર બન્યા નમાઝીઓ

પાલનપુર,તા. ૮

પાલનપુર શહેરના કોટના અંદરના વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે નાની બજારમાંપવિત્ર રમઝાન માસમાંપણ ગટરના ઉભરાતા ગંદા પાણીમાં ચાલીને નમાઝીઓ નમાઝ પઢવા જતા હોઈ ભારે હલાકી ઓ ભોગવી રહ્યા છે. ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં સફાઈ પાછળ કરોડો રૂપિયા ના આંધણ બાદ પણ શહેરના કોટના અંદરના વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. એમાંય વળી પવિત્ર રમજાન માસમાંપણ ગટરો ઉભરાતી જોવા મળી રહી છે. ઈફતારી ના સમયે નાની બજારમાં અને કાશ્મીરી મસ્જિદ આગળ ગટરના ગંદા પાણી વહી રહ્યા છે. ત્યારે નમાઝીભાઈઓને ગંદા પાણીમાં ચાલીને મસ્જિદમાં જવું પડે તેવી લાચારીભરી સ્થિતિ ઉભી થઈ છે. નમાઝીભાઈઓએ ગંદકીના સામ્રાજ્ય વચ્ચે સ્થાનિક નગરસેવકો સહિત પાલિકાના શાસકો સામે ફિટકાર ની લાગણી વ્યક્ત કરતા સત્વરે સફાઈ કરવાની માંગ કરી હતી.

### જિલ્લામાં ગરમીના કહેરથી પશુઓના મોતમાં ઉછાળો

# દૈનિક ૨૦૦ થી વધુ પશુનાં મોત, ગરમી સેંકડો પશુઓને ભરખી જાય તેવી દહેશત

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૮

ગરમીએ માજા મુકતાં જનજીવન તેમજ બજારોમાં વ્યાપક અસર જોવા મળે



છે. અસહ્ય ગરમીથી પશુ-પંખીનાં મોત નિપજવા લાગ્યાં છે. જિલ્લામાં કાળઝાળ ગરમી સહન ન થતાં બંન્ને જિલ્લાના ૧૪ તાલુકામાં દૈનિક ૨૦૦ થી વધુ પશુનાં મોત નિપજતાં હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આજ રીતે ગરમીનો કહેર લાંબો સમય જારી રહેશે તો કાળઝાળ ગરમી સેંકડો પશુઓને ભરખી જાય તેવી દહેશત ઉભી થઈ છે. મૃત્યુ પામનારા પશુઓમાં નાની ઉંમરનાં વાછરડાં, પાડી તેમજ વયસ્ક ભેંસ અને ગાયનો સમાવેશ થાય છે.

જિલ્લામાં અસહ્ય ગરમી જીવલેણ સાબિત થઈ રહી છે. સનસ્ટ્રોકનું મોજુ વધતાં ખાનગી, સરકારી હોસ્પિટલોમાં લૂ લાગવાના દર્દીઓની સંખ્યામાં બમ્પર ઉછાળો નોંધાયો છે. ગરમીથી બચવા માટે મનુષ્ય પંખા, એ.સી. અને એરકુલરનો સહારો લઈ રહ્યો છે પરંતુ પશુધનની હાલત અત્યંત દયનીય બની રહી છે. જિલ્લામાં આધુનિક તબેલાઓમાં પશુધન ગરમી સામે રક્ષણ મેળવવામાં સફળ રહ્યું છે પરંતુ અન્ય પશુપાલકોના છૂટા રખડતાં અને ખુલ્લામાં બાંધવામાં આવતાં પશુઓની હાલત દયનીય બનતાં ગ્રામ્ય વિસ્તારોમાં ગરમીના કહેર પશુઓને મોતના મુખમાં ધકેલી રહ્યો છે. બાયડ, ધનસુરા, તલોદ, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, હિંમતનગરમાં પશુઓના મૃત્યુ આંકમાં વધારો થયો છે. પશુ ચિકિત્સકોના જણાવ્યા અનુસાર અસહ્ય ગરમીના કારણે પશુ તેના શરીરનું તાપમાન યોગ્ય રીતે જાળવી શકતું નથી. પશુપાલક છાંયડા તેમજ સમયસર પાણીની વ્યવસ્થા કરી શકતા ન હોવાના કારણે ઉનાળામાં પશુઓના મૃત્યુમાં ઉછાળો આવતો હોય છે તેમ જણાવ્યું હતું. અસહ્ય ગરમીના કારણે પશુ ડી-હાઈડ્રેશનનો ભોગ બને છે. પશુપાલક ગરમીના કારણે બપોરે ઘરમાં પુરાઈ રહેતો હોય છે અને સાંજે પશુની તબિયત લથળ્યાનું ખ્યાલ પર આવે ત્યાં સુધીમાં ઘણું મોંડું થઈ જતું હોય છે. ટૂંકમાં અસહ્ય ગરમીમાં પશુને બચાવવા માટે છાંયડો તેમજ દર કલાકે પાણી પીવડાવવામાં આવે તો જ ઉનાળામાં પશુ મૃત્યુદર ઘટાડી શકાશે.

**ગરમીના કહેરથી પશુઓ સુસ્તિમાં : પશુપાલન વિભાગ**

જિલ્લામાં ગરમીનો કહેર વરસતાં મૂંગા પશુઓની હાલત દયનીય બની છે. ગ્રામ્ય વિસ્તારોમાં વાછરડાંના મોતના બનાવથી પશુપાલક ચિંતિત બન્યા છે. ત્યારે પશુ ચિકિત્સકનો સંપર્ક કરતાં તેમને ગરમીમાં પશુઓ સૂસ્ત બની જાય છે અને વાતાવરણ સાથે અનુકુળતા સાધવાનો પશુઓ પ્રયાસ કરતા હોવાથી દિવસભર હાંફતા રહેતા હોય છે. વાછરડાંના મોત બાબતે મોટાભાગે ખુલ્લામાં રખડતાં વાછરડાં જ ગરમીના કહેરમાં મોતને ભેટ્યા હોવા જોઈએ તેમ જણાવ્યું હતું.

# બેંકનું ધિરાણ લઈ ન ભરતા બાકીદારો સામે કોર્ટની તવાઈ

**ચેક રીટર્ન કેસમા બે વર્ષની કેદની સજા અને દંડ**

ડીસા, તા. ૮

બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની ડીસા તથા નાની આખોલ શાખાના ધિરાણ બાકીદારો દ્વારા બેંકની વસુલાત સામે બેંકની તરફેણમાં ચેક જમા કરાવેલ હતા. જે ચેક અપૂરતા ભંડોળના કારણે પરત ફરતા, બેંકના અધીકારી ગિરીશ ગજ્જરે નેગોશિયેબલ ઈંસ્ટ્રૂમેંટ એકટની કલમ ૧૩૮ હેઠળ ચેક રીટર્નના કેસ ડીસાની તાલુકા કોર્ટમા દાખલ કરેલ હતા. જે કેસ એડીશનલ સિનિયર સિવિલ જજ અને એ.સી.જે.એમ. નામદાર એમ.ડી.બ્રહ્મભટ્ટની કોર્ટમા ચાલી જતા આરોપીઓને બે વર્ષની સાદી કેદ અને ૬૦ દીવસમા ચેકની રકમ બેંકમા જમા કરાવવા અને જો દંડની રકમ જમા ના કરાવે તો વધુ એક માસની કેદની સજાનો હુકમ કર્યો હતો.જે આરોપીઓમાં (૧) ખીમાજી છોગાજી માળી, મુ. રાણપુર આ.વાસ,રુ. ૯૬૦૦૦૦/- (૨) હકમાજી ભીખાજી સાંખલા, મુ. વાસડા,રુ. ૨૦૩૦૦૦૦/- (૩) અજમલજી ચમનાજી જાટ, મુ., યાવરપુરા, રુ.૨૬૦૦૦૦૦/-(૪) નારણભાઈ મગનાજી જાટ મુ. રામપુરા, રુ.૨૬૦૦૦૦૦/-(૫) ગોરધનજી દેવાજી જાટ મુ. રામપુરા, રુ.૨૬૦૦૦૦૦/- (૬) શાંતીભાઈ જકશીભાઈ પરમાર મુ.શેરપુરા, રુ.૨૬૦૦૦૦૦/- (૭) નીમ્બાજી ગણેશાજી જાટ (હરીયલ) મુ.લક્ષ્મીપુરા, રુ.૨૬૦૦૦૦૦/- (૮) બાબુભાઈ લાખાજી જાટ મુ.શેરપુરા, રુ.૨૬૦૦૦૦૦/-(૯) ડાહ્યાજી અમરાજી માળી, મુ. રાણપુર આ.વાસ, રુ. ૨૭૫૦૦૦૦/- (૧૦) મોડાજી રાજાજી માળી, મુ. ગેનાજી ગોળીયા, રુ. ૨૭૫૦૦૦૦/- અને વધુ એક કેસ રવાજી ભારુજી ઠાકોર, મુ. મહાદેવીયાને કોર્ટ ઉઠે ત્યા સુધીની સજા ફરમાવી હતી.

બેંક તરફથી વિદ્વાન વકીલ એચ.ડી.ત્રિવેદી, એ.એમ.કોઠારી, કે.વી.ગેલોત અને એસ.પી. સાંખલાએ ધારદાર દલીલો કરી હતી.

# જન્મદિને વધામણી



હેમંતભાઇ પટેલ
એમ.પી.ઓ, શામળાજી
શિત કેન્દ્ર
કોલીખડ તા મોડાસા



પ્રજ્ઞાબેન ભરતભાઈ પંચાલ
અંબિકાનગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી